### ભોપાલ કાંડ સર્જનાર યુનિયન કાર્બાઈડ ઉર્ફે

# ડાઉ કેમિકલ્સ સાથે ભાગીદારીમાં ગુજરાત સરકારનો પ્રોજેક્ટ !

(પ્રતિનિધિ દ્વારા) ગાંધીનગર, સોમવાર

અત્યારે ગુજરાત સરકાર ભોપાલના ગેસપીડિતોની પડખે હોવાનું દર્શાવી રહી છે, પરંતુ બહુ ઓછા લોકો જાણે છે કે, આ જ ગુજરાત સરકાર ભોપાલમાં ગેસકાંડ સર્જનારી યુનિયન કાર્બાઈડ કંપની કે જે હવે ડાઉ કેમિકલ્સ તરીકે ઓળખાય છે તેની સાથે હાથ મિલાવ્યા છે !

## દહેજમાં GACL સાથે રૂ. ૬૦૦ કરોડનો ક્લોરોમિથેન પ્રોજેક્ટ ફોક કરવા અંગે ગુજરાત સરકારનું મૌન

ગુજરાત સરકારની કંપની - ગુજરાત આલ્કલીઝ ઍન્ડ કેમિકલ્સ લિમિટેડ-જીએસીએલ દહેજ ખાતે વાર્ષિક ૨ લાખ ટન ક્લોરો-મિથેનનું ઉત્પાદન કરવાનો પ્રોજેક્ટ ડાઉ કેમિકલ્સ સાથે ૫૦ ટકા ભાગીદારીમાં સ્થાપી રહી છે. અત્યાધુનિક ટેકનોલોજી ધરાવતા રૂ. ૬૦૦ કરોડના આ પ્રોજેક્ટ માટે મેસર્સ ડાઉ-જીએસીએલ સોલવેન્ચર લિમિટેડ નામની નવી કંપની તરતી મૂકાઈ છે. જાન્યુઆરી-૨૦૦૯માં યોજાયેલી વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં આ પ્રોજેક્ટ સંદર્ભે ગુજરાત સરકારે એમઓયુ કર્યા હતા. છેલ્લી માહિતી પ્રમાણે આ પ્રોજેક્ટ માટે જરૂરી મશીનરી વસાવવાની તૈયારી ચાલી રહી છે, પણ હજી પ્રોજેક્ટ માટેનું કન્સ્ટ્રકશન પુરું થયું નથી.

ઉદ્યોગવર્તુળો કહે છેકે, ક્લોરો-મિથેન જે ફાર્માસ્યુટિકલ્સ અને અન્ય ડાઉનસ્ટ્રીમ ઈન્ડસ્ટ્રીઝમાં વપરાય છે તેનું આખા દેશમાં ઉત્પાદન વર્ષે ૧ લાખ ટનનું છે, પરંતુ ઉત્પાદન સામે માંગ મોટી હોવાથી ૪૦ ટકા જરૂરિયાત આયાત દ્વારા સંતોષવામાં આવે છે. દેશમાં થતાં ક્લોરોમિથેનના ઉત્પાદનમાં જીએસીએલનો હિસ્સો ૩૩ ટકા જેટલો છે.

ડાઉ કેમિકલ્સ સાથે ભાગીદારીમાં દહેજ ખાતે એપોક્સિ રેઝિન કેમિકલ્સનું ઉત્પાદન કરવા માટે પણ જીએસીએલએ સમજૂતિ કરાર કરેલો છે, જેમાં ૪૬૩ લાખ ડોલરના ખર્ચે પેઈન્ટ, એડહેસિવ વગેરે બનાવવા માટે વપરાતા એપોક્સી રેઝિનનું ઉત્પાદન થવાનું છે.

ભોપાલના ગેસપીડિતોને વળતર ચૂકવવાની જવાબદારી ડાઉ કેમિકલ્સ ઉપર છે અને અત્યારે ગુજરાત સરકાર

(અનુસંધાન ૪થે પાને)

### ડાઉ કેમિકલ્સ

(છેલ્લા પાનાનું ચાલુ)

ગેસપીડિતોની વ્હારે હોવાનું દર્શાવી રહી છે ત્યારે ડાઉ કેમિકલ્સ અને ગુજરાત સરકારની કંપની - જીએસીએલ વચ્ચે થયેલો એમઓયુ ફોક કરી ગુજરાત સરકાર આ પ્રોજેક્ટ રદ કરવા માગે છે કે કેમ તેવા એક સીધા સવાલના પ્રત્યુત્તરમાં રાજ્યકક્ષાના ઉદ્યોગ પ્રધાન સૌરભ દલાલે મૌન સેવ્યું છે. એમણે એટલું કહ્યું છે કે, જો કેન્દ્ર સરકાર સૂચિત પ્રોજેક્ટ રદ કરવા આદેશ કરશે તો એ વખતે બધા પાસાંઓ વિચારી નિર્ણય લેવાશે. શરૂઆતની પૃચ્છામાં રાજ્ય સરકારના આ પ્રવકતા-પ્રધાને એક તબક્કે એવું પણ કહ્યું હતું કે, ડાઉ કેમિકલ્સ અને જીએસીએલ વચ્ચે ક્યા પ્રોજેક્ટ માટે એમઓયુ થયા છે એની મને ખબર નથી, એ વિશે માહિતી મેળવ્યા પછી એક-બે દિવસમાં હું કહી શકીશ.